# જિલ્લામાં ખરીફ વાવણીની કામગીરી ૫૦ ટકા સુધી પહોંચી ગઈ

## મગફળી અને તેલીબીયાં ઉપરાંત કપાસ, ડાંગર, ચોમાસુ બાજરી તેમજ શાકભાજીનું વાવેતર વધ્યુ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં ખરીફ વાવણીની કામગીરી ૫૦ ટકા જેટલા વિસ્તારમાં સંપન્ન થઈ ચુકી છે. સમયસરના ચોમાસા અને વરસાદના પાણીની આવકથી ખેડૂતોમાં આ વખતે ખરીફ પાકની વાવણીને લઈ સારો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

ખેડૂતોના જણાવ્યા પ્રમાણે ગત વર્ષે જે વરસાદ આ સમયગાળા દરમિયાન હતો તેના કરતાં આ વર્ષે વરસાદ સારો અને વધુ નોંધાયો છે. ગત વર્ષે આ સમયગાળામાં ૧૨૭ મી.મી. જેટલો વરસાદ થયો હતો જ્યારે આ વર્ષે તે વધીને ૨૧૪ મી.મી. થયો છે.

વરસાદની પેટર્ન બદલાઈ તેમ જિલ્લામાં આ વર્ષે ખરીફ વાવણીની પેટર્નમાં પણ બદલાવ જોવા મળી રહ્યો છે. મગફળી અને તેલીબિયાના પાકોનું વાવેતર ૧૩ હજાર હેક્ટર સુધી પહોંચવામાં છે.

મગફળીનું વાવેતર ૧૨૫૫૦ હેક્ટરમાં થયુ છે. આ ઉપરાંત તલ ૭૦, સોયાબીન ૪૩, અન્ય તેલીબિયાં ૧૩ હેક્ટરનું વાવેતર થયું છે. તલ, સોયાબીન અને અન્ય તેલીબિયાંનું વાવેતર હજુ વધી શકે છે તેવા સંકેતો ખેડૂતોમાંથી મળી રહ્યા છે. જિલ્લામાં મુખ્ય પાક ગણાતા કપાસનુ વાવેતર ૧૭,૫૫૨ હેક્ટરમાં જ થયુ છે. કઠોળ પાકોમાં અડદ, મઠ, મગનું વાવેતર પણ લગભગ ૭૦૦ હેક્ટર જેટલુ થવા પામ્યુ છે.

જિલ્લામાં ગુવારનું વાવેતર ૧૬૬૩ હેક્ટરમાં નોંધાયુ છે. દિવેલાની વાવણી પણ વરસાદે હમણાં વિરામ લેતાં શરૂ થઈ છે.

રોકડિયા પાક ગણાતા શાકભાજીનું વાવેતર ૮૪૨૩ હેક્ટરમાં થયુ છે. જિલ્લામાં ફળાઈ પાકો, ગવાર, ઈકડ, લીલો પડવાશ જેવા અન્ય પાકોનું વાવેતર પણ ૨૬૭૦ હેક્ટરમાં થયુ છે.

કૃષિ સાથે સંલગ્ન રીતે વિકસેલ પશુપાલન માટે ઘાસચારાનું વાવેતર પણ જિલ્લામાં નોંધનીય થયુ છે. ૨૨,૮૦૨ હેક્ટરમાં ઘાસચારાનું વાવેતર થયુ છે.

આકાશી ખેતીનું જિલ્લાના અર્થતંત્રમાં વધુ મહત્વ છે. જિલ્લામાં ખરીફ ઋતુ દરમિયાન સરેરાશ ૧,૪૦,૬૨૩ હેક્ટરમાં વાવેતર થતુ હોય છે. તેની સામે જિલ્લામાં અત્યાર સુધીમાં ૭૨,૧૭૬ હેક્ટર વિસ્તારમાં વાવેતર સંપન્ન થયું છે.

જિલ્લામાં ડાંગરનું વાવેતર ૪૧૦૦ હેક્ટરમાં અને ચોમાસુ બાજરીનું વાવેતર ૧૬૭૩ હેક્ટરમાં સંપન્ન થયુ હોવાનું જાણવા મળેલ છે.

કૃષિક્ષેત્રે કોરોના સંક્રમણને લઈ શ્રમિકોની સમસ્યા પણ નડી રહી છે પરંતુ સારૂ ચોમાસુ હોવાથી ખેડૂતોએ વાવણીને વેગ આપ્યો છે. કપાસ તેમજ અન્ય પાકોનું વાવેતર ઘટી શકે છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગરના સાંસદ વ કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમીત શાહ આજે એક જ સપ્તાહ બાદ બીજી વાર જિલ્લાના અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સથી બેઠક કરશે.
- ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોની વધતી જતી સંખ્યાને લઈ કુડાસણની બેઠકના જિલ્લા પંચાયતના સદસ્ય બેચરજી ઠાકોરે ગૃહમંત્રીને પત્ર લખી કેન્દ્રમાંથી તજજ્ઞોની ટીમ મોકલવા માંગ કરી છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની આરોગ્ય શાખાના એક કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યા બાદ શાખાના ૧૦ કર્મયોગીઓના નમૂના લેવાયા હતા. રિપોર્ટ નેગેટીવ આવતા તંત્ર એ રાહતનો શ્વાસ લીધો હતો.
- ગાંધીનગર શહેરમાં શાકભાજીના ભાવોમાં વધારો થતાં ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ જવા પામ્યું છે.
- ગાંધીનગર શહેરમાં ભેળવાયેલ ૧૮ ગામોના અગ્રણીઓની આજે વધુ એક બેઠક ખોરજ ગામે યોજાઈ હતી જેમાં જિલ્લા અને તાલુકા ભાજપના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. શહેરના આગેવાનો અને પદાધિકારીઓ આ બેઠકથી અળગા રહેતા પક્ષમાં એક નવો વિવાદ ઉભો થયો હતો.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




નકલી માસ્ક, નકલી સેનેટરાઈઝર હવે નકલી ઈન્જેકશન... હવે કોરોના નકલી નીકળે એટલે શાંતિ...

## સરગાસણ ખાતેથી ૧૭ શિક્ષિત બેરોજગાર યુવાનોને પોલીસે ડીટેઈન

ગાંધીનગર,તા.૧૯

ગાંધીનગર શહેર નજીક સરગાસણ ચાર રસ્તા પાસે રવિવારે સવારના સમયે ૪૦થી વધુ શિક્ષિત બેરોજગાર એકઠા થયા હોવાના સમાચાર ઈન્ફોસીટી પોલીસને મળ્યા હતા. આ શિક્ષિત બેરોજગારોની સાથે યુવા નેતા દિનેશ બાંભણીયા અને યુવરાજસિંહ જાડેજા પણ હોવાનું ધ્યાને આવ્યું હતું. જેથી ઈન્ફોસીટી પોલીસ તાત્કાલીક પહોંચી જતા શિક્ષિત બેરોજગાર યુવકોમાં દોડધામ મચી ગઈ હતી.

# પાટનગર નિર્માણના અસરગ્રસ્તોને ન્યાય માટે વસાહત મહાસંઘની મુખ્યમંત્રી સમક્ષ ધા

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત રાજયની રાધાની તરીકે પાટનગર ગાંધીનગરના નિર્માણ હેતુ ૧૪ ગામોની જમીન સંપાદન કરવામાં આવી હતી જે પૈકી સાત ગામોનો શહેરમાં સંપૂર્ણ સમાવેશ કરવામાં આવ્યો હતો. વર્ષ ૧૯૬૭-૬૯માં જેનું નિર્માણ કાર્ય શરુ થયુ હતું તેવા પાટનગર ગાંધીનગર માટે પોતાની મહામુલી જમીન આપી દેનાર ખેડૂતોને આજે સાડા પાંચ દાયકા જેટલો સમય વીતવા છતાં તેમની વડિલોપાર્જિત મિલ્કતો જેવી કે રહેણાંક મકાનો, ખુલ્લાં પ્લોટ, ઢોર ઢાંખર માટેના વાડા વગેરેનું જિલ્લા કલેકટર કચેરી દ્વારા આકારણીપત્રક આપવામાં આવતુંનથી અને બીજી તરફ સિટી સર્વે ઓફિસ દ્વારા અસરગ્રસ્તોને મિલ્કતોના પુરાવા રજૂ કરવા નોટીસો આપવામાં આવી છે જે સંદર્ભે ગાંધીનગર શહેર વસાહત મહાસંઘે પાટનગરમાં સમાવિષ્ટ સાત ગામોના રહીશોની મિલ્કતો કાયદેસર ગણી આકારણી પત્રક કાઢી આપવા મુખ્યમંત્રી સમક્ષ ધા નાંખી છે.

### અત્યાર સુધી વારસાગત મિલકતોને ચોપડે ચઢાવી નહીં અને હવે સિટી સર્વે કચેરી માલિકીના પુરાવા માટે નોટીસ આપે છે : આકારણી કરી પ્રોપર્ટી કાર્ડ બનાવી આપવા માંગ

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ મુખ્યમંત્રીને લખેલા આવેદનપત્રમાં જણાવ્યું છે કે પાટનગરના નિર્માણ માટે સપૂર્ણ સમાવેશ પામેલા સાત ગામો પાલજ, બાસણ, ઈન્દ્રોડા, બોરિજ, આદિવાડા, ધોળાકુવા અને ફતેપુરા જે વાવોલનું પરું હતું તેના ખેડૂતોની વારસાગત જમીનો, રહેણાંક મકાનો, ખુલ્લા પ્લોટો તથા ઢોર ઢાંખર બાંધવાના વાડા વગેરે જે પહેલા જે તે ગ્રામ પંચાયતના ચોપડે નોંધાયેલા હતા અને તેના મિલકત વેરા પણ ભરવામાં આવતા હતા પરંતુ ત્યારબાદ આ મિલકતો પાટનગરમાં સમાવેશ થવા છતાં તેના ચોપડે ચડાવવામાં આવી નથી તેથી નથી તેની આકારણી કરવામાં આવતી કે નથી તેનો વેરો લેવામાં આવતો અને મિલકતો જેના નામે હતી તેના હવે ત્રીજી-ચોથી પેઢીના વારસદારો માત્ર કબજેદાર બનીને રહી ગયાં છે.

આમ અસરગ્રસ્ત ખેડૂત પરિવારોને પાટનગર સ્થાપનાના સાડા પાંચ દાયકા જેટલો સમય વીતવા છતાં ન્યાય મળ્યો નથી અને સિટી સર્વે દ્વારા આપવામાં આવેલી નોટીસ 'પડયા પર પાટું' સમાન છે. વસાહત મહાસંઘ દ્વારા મુખ્યમંત્રીને વિનંતી કરવામાં આવી છે કે આ કબજેદારોને આકારણી પત્રક કાઢી તેમનું પ્રોપર્ટી કાર્ડ કાઢી આપવામાં આવે જેથી તેઓ પોતાના વડિલોપાર્જિત વારસાગત મિલ્કતોના કાયદેસરના માલિક બને અને તેની પર લોન લઈ શકે અથવા તેને વેચવી લેવી હોય તો કરી શકે અને પાટનગરના નિર્માણ માટે જમીન આપનાર અસરગ્રસ્ત ખેડૂત પરિવારને ન્યાય મળે.

## શ્રાવણમાં દત્ત મંદિરે યોજાતા શિવ મહિમ્નના પાઠ ભક્તો ઘરે રહીને કરશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરના સેક્ટર-૨૮માં દત્ત મંદિર ખાતે વર્ષોથી શ્રાવણ માસમાં અભિષેકાત્મક લઘુરૂદ્ર દરરોજ ૮૦ જેટલા ભક્તો દ્વારા યોજાતો હતો, પણ ચાલુ વર્ષે કોરોનાની મહામારીના કારણે અને સરકારની સૂચનાઓ ધ્યાને લઈ દર વર્ષની પરંપરામાં થોડા ફેરફાર સાથે ચાલુ રાખવાનો નિર્ણય લેવાયો છે.

૩૦ દિવસ શ્રાવણ માસના રોજના ચાર પાઠ લેખે ૧૨૦ પાઠ થાય પરંતુ એક પાઠ વધારે કરવાથી કુલ ૧૨૪ પાઠ થાય તો એક જપાત્મક લઘુરૂદ્ર કર્યો કહેવાય. હાલ ૭૫ ભક્તો ઘરે બેસીને પાઠ કરવાના છે.

## આઠ માસથી પિયર ગયેલી માતાને દિકરો ૧૮૧ની ટીમની મદદથી ઘરે લાવ્યો

ગાંધીનગર, તા.૧૯

આઠ માસ અગાઉ પતિ અને દિકરાના ત્રાસથી કંટાળીને મહિલા પોતાના પિયર ચાલ્યા ગયા હતા. માતા પિયર ગયા બાદ દિકરાને ઘરમાં માતાની ખોટ વર્તાતી હતી તે સમયે કુટુંબના પરિવારના સભ્યોએ પણ સંબંધ તોડી નાંખતા દિકરો માતાને લેવા માટે પત્ની સાથે ગયો હતો. પરંતુ માતા ન માનતા દિકરાએ ૧૮૧ હેલ્પલાઈનની મદદ માંગી હતી. જેથી ૧૮૧ ટીમે પહોંચીને માતા-દિકરાનું કાઉન્સેલીંગ કર્યું હતું. જેમાં તેઓને જાણવા મળ્યું હતુ કે પિતા લકવાગ્રસ્ત હોવા છતા માતા સાથે બોલાચાલી અને મારપીટ થતી હતી. તે ઉપરાંત દિકરો પણ માતાને હેરાન પરેશાન કરતો હતો. દિકરાએ વેપાર-ધંધો કરવાના ફિરાકમાં કેટલાક રૂપીયાનું પાણી કરી દીધુ હતું. માતા પોતાના પિયર ગયા પછી તેની ખોટ વર્તાય છે અને પરિવારના સભ્યોએ પણ સંબંધ કાપી નાંખતા દિકરાની વાત સાંભળ્યા પછી ૧૮૧ ટીમે મહિલા સાથે વાતચીત કરતા મહિલાએ પણ એ જ વાત કરી હતી. જેથી ૧૮૧ ટીમે મહિલાને સમજાવતા ૩ કલાક બાદ માન્યા હતા. જો કે દિકરા સાથે જવા માટે મહિલાએ કેટલીક શરતો રાખી હતી. જેમાં દિકરો માતાને ખેતી કામ નહી કરાવે, પતિના ત્રાસ અને મારપીટથી બચાવશે, તેમજ દિકરો પોતાના વેપાર રોજગાર માટે ઘરનું વેચાણ ન કરે તે માટે ઘર પોતાના નામે કરવાનું કહ્યું હતું.

## કોટેશ્વર ખાતે આમ આદમી પાર્ટીના કાર્યાલયનું ઉદ્દ્ઘાટન કરાયુ

આમ આદમી પાર્ટીના નવીન કાર્યાલયનું ઉદઘાટન ગાંધીનગર તાલુકાના કોટેશ્વર ગામ ખાતે કરવામાં આવ્યું. ગાંધીનગર તાલુકા પ્રમુખ નરેશભાઈ પટેલે આ અવસરે ઉપસ્થિત સર્વે કાર્યકરો અને હોદ્દેદારોનો આભાર વ્યકત કર્યોહતો.

વરસાદ આમ પણ બાળકોને ખુબ જ પ્રિય હોય છે. જરાક છાંટા પડયા નથી કે ભૂલકાંઓ વરસાદમાં ભીંજાવા દોડી જાય છે. ઠેર ઠેર ભરાયેલા વરસાદી પાણીમાં કાગળની હોડી ચલાવવી, વરસાદી ફૂદાઓ પકડવા, ખૂંપણીની રમત રમવી જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ બાળકો કરતાં હોય છે. ભીની માટીમાં પગ નાંખીને ઘર બનાવવા અને તેને સુશોભીત કરવાની રમતમાં બાળકો કલાકોના કલાકો વિતાવી દે છે. હાલમાં શાળાઓ ટયુશન કલાસ બંધ હોવાથી વરસાદી માહોલમાં રમાતી રમતોને પ્રોત્સાહન ચોકકસ આપવું જોઈએ. સ્માર્ટ ફોનમાં મોં નાંખીને બેસી રહેતા બાળકોને વરસાદમાં રમવા મોકલવા જોઈએ.



## દુઃખદ અવસાન

સેકટર-૧૭ના અગ્રણી વેપારી નટવરલાલ કે. વ્યાસ



(રાંધેજાવાળા)ના ધર્મપત્ની શુભદ્રાબેન નટવરલાલ વ્યાસનું દુઃખદ અવસાન થયું છે. વર્તમાન પરિસ્થિતિને ધ્યાને રાખીને બેસણું કે લૌકિક ક્રિયાઓ બંધ રાખેલ છે.

# જે આવે છે તે જાય છે, કોઇ 'અમર નથી, કોરોના પણ નહીં; અસહ્ય પીડા આપ્યાં પછી વિદાય લેશે

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

"કુદરતનો નિયમ છે-- જેનો જન્મ, એનો અંત નિશ્ચિત છે." પૃથ્વી પર જે આવે છે તે જાય છે. કોઈ અમર નથી. કોરોના વાયરસ પણ અસહ્ય પીડા આપ્યાં પછી ચોક્કસ વિદાય લેશે. અગાઉ પણ વિશ્વના દેશોમાં અનેક વાયરસ અને ટીબી જેવા જટીલ રોગ આવી ગયા પરંતુ બધાંનું સોલ્યુશન શોધાયું છે. કોરોના વાયરસ એ ઘાતક વધારે છે પરંતુ તેની દવા પણ શોધાઈ જશે, આપણે માત્ર આ ખરાબ સમય પસાર કરવાનો છે. કોરોના સંક્રમણે આપણને જીંદગી બદલતાં શિખવ્યું છે. જે લોકો હાથ સાફ કરતાં ન હતા તેઓ નિયમિત હાથ સાફ કરતાં થયાં છે. ચોંકાવનારી બાબત તો એવી સામે આવી છે કે સંક્રમણના સમયમાં કોરોનાએ વેપારીઓના ધંધા-રોજગાર બદલાવી નાંખ્યાં છે. ભારત સહિત વિશ્વના વિકાસશીલ દેશોએ કોરોના સામે લડતી વેક્સિન શોધવાનું શરૂ કર્યું છે, આજે નહીં તો કાલે વેક્સિન માનવ શરીરમાં અસર કરશે એટલે કોરોનાની વિદાય નિશ્ચિત છે. વિશ્વની ફાર્મા કંપનીઓએ સ્પર્ધા શરૂ કરી છે એટલે ઝડપથી વેક્સિન શોધાઇ જશે અને માનવીના સફળ ટ્રાયલ પછી બજારમાં મૂકાશે. કોરોનાની ખરાબ અસર બાળકોના શિક્ષણ પર થઇ છે. તેમનું આખું વર્ષ બગડ્યું છે. સરકાર અને લોકોના બજેટ ખોરવાયાં છે. ૪૫ ટકા મધ્યમ વર્ગ આર્થિક રીતે પિડાઇ રહ્યો છે. ધનિકોની આવકમાં ચોંકાવનારો ઘટાડો થયો છે. આ મહામારીની આડઅસરની પીડા ખરેખર હવે શરૂ થવાની છે જે આપણને ઓછામાં ઓછાં ચાર વર્ષ પાછળ ધકેલી દેશે. ૨૦૨૦નું વર્ષ તો બદબાદ થઇ ચૂક્યું છે જેની અસર ૨૦૨૧માં આપણને દેખાઇ શકે છે.

## કોરોનાએ ખેડૂતોની તમાકુ છીનવી, અત્યાર સુધીના વર્ષોમાં માત્ર ૫૫ હેક્ટર વિસ્તારમાં વાવેતર

**ખેડૂતોને પાક વાવેતરમાં કોરોના સંક્રમણ નડ્યું નહીં...**

કોરોના વાયરસના સંક્રમણ વચ્ચે રાજ્યના કૃષિ વિભાગના આંકડા દર્શાવે છે કે ગયા વર્ષ કરતાં ઉનાળું વાવેતરનો વિસ્તાર વધ્યો છે તેથી પાક ઉત્પાદન પણ બમ્પર થાય તેવી સંભાવના છે. ગુજરાતમાં ૫૭૩૭૯૫૧ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું છે. ખરીફ સિઝનમાં અત્યાર સુધીમાં કુલ ૬૭.૫૮ ટકા વાવેતર થયું છે. રાજ્યમાં ધાન્ય પાકોનું વાવેતર ૫૫૧૭૨૮ હેક્ટર વિસ્તારમાં થયું છે જે ૪૦.૭૯ ટકા છે. કઠોળ પાકોનું વાવેતર ૨૩૧૩૫૦ હેક્ટરમાં એટલે કે ૪૯.૦૬ ટકા, તેલીબીયાં પાકોમાં ૨૨૦૦૯૬૭ હેક્ટર એટલે કે ૯૨.૦૨ ટકા અને અન્ય પાકોમાં ૨૭૫૩૯૦૬ હેક્ટર એટલે કે ૬૪.૪૪ ટકા વિસ્તારમાં થયું છે. રાજ્યમાં આ વર્ષે મગફળીના વાવેતર વિસ્તારે ૧૨૭.૯૪ ટકાનો વિક્રમ સર્જી દીધો છે. રાજ્યના ખેડૂતોએ ૧૯૭૦૩૯૯ હેક્ટર વિસ્તારમાં મગફળી વાવી છે, જે ગયા વર્ષની સરખામણીએ વધારે છે, જ્યારે કપાસનું વાવેતર ૨૦૩૩૪૮૭ હેક્ટર વિસ્તારમાં થયું છે જે ૭૬.૦૫ ટકા છે. આ પાકમાં હજી વાવેતર વિસ્તાર વધવાની સંભાવના છે, કારણ કે ગયા વર્ષે ખરીફ સિઝનમાં કપાસનું વાવેતર ૨૬૭૩૮૯૨ હેક્ટર વિસ્તારમાં થયું હતું. ચોંકાવનારી બાબત એવી સામે આવી છે કે ખેડૂતોએ કપાસનું વાવેતર ઘટાડી દીધું છે. ગયા વર્ષે ૫૫૨૩૧ હેક્ટરમાં તમાકુનું વાવેતર થયું હતું જે ચાલુ વર્ષે માત્ર ૫૫ હેક્ટર વિસ્તારમાં જોવા મળે છે. રાજ્યમાં નોર્મલ વાવેતર વિસ્તાર એટલે કે છેલ્લા ત્રણ વર્ષની સરેરાશ ૮૪૯૦૦૭૦ હેક્ટરની રહી છે. ગયા વર્ષે આ સમયમાં એટલે કે ૧૩મી જુલાઈ સુધીમાં ૪૮૭૯૭૮૫ હેક્ટર વિસ્તારમાં વાવેતર કર્યું હતું જે આ વર્ષે વધીને ૫૭૩૭૯૫૧ હેક્ટર વિસ્તારમાં થયું છે.

**સરકાર પાસે કોરોના સિવાય કોઇ કામ નથી...**

ગુજરાત સરકારની વાત કરીએ તો કામના આઠ થી દસ કલાક પૈકી ચાર કલાક કોરોના સંક્રમણની ચિંતા અને વ્યવસ્થામાં જાય છે. ખુદ મુખ્યમંત્રી વિજય રૂપાણી ચાર કલાક સુધી કોરોના સંક્રમણના આંકડાની માયાઝાળમાં ફસાઈ રહ્યાં છે. આરોગ્ય વિભાગ પાસે માનવજીવનના બીજા રોગોની સમીક્ષા કરવાનો સમય રહ્યો નથી. કેટલા લોકો કેન્સરથી પિડાઇ રહ્યાં છે,.. કેટલા લોકોને કિડનીના દર્દ છે... હોસ્પિટલોમાં કોરોના સિવાયના કેટલા પેશન્ટ દાખલ છે... બીજી બિમારીના દર્દીઓને હોસ્પિટલોમાં જગ્યા મળે છે કે નહીં... આ સવાલોની ચિંતા સરકાર કરતી નથી, કારણ કે બીજા રોગીઓને પણ સારવાર પહેલાં કોરોના ટેસ્ટ અચૂક કરાવવામાં આવતો હોય છે.



## કામદારોના અભાવે સરકારના પ્રોજેક્ટ્સ ઠપ્પ, વિલંબ થતાં પ્રોજેક્ટ કોસ્ટમાં પણ વધારો થશે

લોકડાઉન અને સંક્રમણના સમયમાં સરકારના વિવિધ પ્રોજેક્ટના કામો ઠપ્પ થઇ ગયાં છે અથવા તો ધીમી ગતિએ ચાલે છે. ગુજરાતના મહત્વના પ્રોજેક્ટ્સ પૈકી અમદાવાદની મેટ્રોરેલ, ગાંધીનગરનું આધુનિક રેલવે સ્ટેશન કમ ફાઈવસ્ટાર હોટલ તેમજ બીજા શહેરોના રિવરફ્રન્ટ તેમજ મેટ્રોરેલના પ્રોજેક્ટના કામો શરૂ કરી શકાયા નથી. માર્ગ-મકાન અને સિંચાઇના કામો કામદારો અને મજૂરો વિના સૂનાં પડ્યાં છે. પરપ્રાંતિય મજૂરો પાછા આવે તે પછી અટકેલાં કામો શરૂ થઇ શકશે તેવું કહેવામાં આવે છે. એવું લાગી રહ્યું છે કે સરકારે મજૂરોને વતન મોકલવા ટ્રેનો શરૂ કરી હતી તેવી રીતે વતનમાંથી પાછા બોલાવવા માટે પણ સ્પેશ્યલ ટ્રેનો શરૂ કરવી પડશે.

**કોંગ્રેસ મુક્ત ગુજરાતમાં કોંગ્રેસનો સપોર્ટ છે...**

ગુજરાતમાં નરેન્દ્ર મોદીની વાપસી તો ૧૯૯૮થી થઇ ગઇ હતી પરંતુ ૨૦૦૧માં સત્તાના સિંહાસને બેઠાં પછી ભાજપના લોકસભા અને વિધાનસભાના ઉમેદવારો પસંદ કરવાની પ્રક્રિયા મોદીના કહેવાથી થઇ છે. તેઓ ૨૦૦૭ની વિધાનસભાની ચૂંટણીમાં એટલા પાવરફુલ બની ચૂક્યાં હતા કે તેમને પૂછ્યા વિના હાઇકમાન્ડ ગુજરાતમાં પ્રદેશ પ્રમુખ કે વિધાનસભાના ઉમેદવારો પસંદ કરી શકતું ન હતું. ૨૦૦૨ના વિક્રમી વિજય પછી મોદીને અઢી વર્ષ સુધી કેશુભાઈ પટેલ અને તેમના સમર્થકોના વિરોધનો સામનો કરવો પડ્યો હતો પરંતુ વિધાનસભાની ૨૦૦૭ અને ૨૦૧૨ ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગી પ્રક્રિયામાં મોદી કેન્દ્રસ્થાને રહ્યાં છે અને તેમણે પાર્ટીને પરિણામ પણ બતાવ્યું છે. આ સમયગાળામાં એકપણ ધારાસભ્ય બળવાની હિંમત કરી શક્યો નથી. બીજી તરફ કોંગ્રેસના એક પછી એક નેતાઓ અને ધારાસભ્યોએ ભાજપમાં જોડાઇને કોંગ્રેસમુક્ત ગુજરાતના મોદીના સૂત્રને સાર્થક બનાવી દીધું છે. ગુજરાતની કોઇપણ ચૂંટણી પહેલાં હંમેશા કોંગ્રેસના મજબૂત ઉમેદવારોને મોદીએ તેમની અનોખી સ્ટાઇલથી ભાજપમાં ભેળવી દીધા છે. મોદી પછી જ્યારે અમિત શાહનો યુગ આવ્યો ત્યારે તેમણે તો ભાજપના વર્તમાન ધારાસભ્યોને રાજીનામાં અપાવીને ભાજપમાં જોડવાના શરૂ કરી દીધા હતા. આજે સ્થિતિ એવી છે કે કોંગ્રેસ વિપક્ષમાં ઠેરની ઠેર આવીને ઉભી છે. કોંગ્રેસને ચૂંટણીમાં માત્ર વિજય મળવો જરૂરી નથી પણ એથી આગળ વધીને ચૂંટાયેલા સભ્યોને સાચવવાની વિશેષ જરૂર છે, કારણ કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓથી વિધાનસભા સુધી કોંગ્રેસના ચૂંટાયેલા સભ્યો સત્તા ખાતર વેચાઇ જાય છે. ભાજપે ગુજરાતમાં કોંગ્રેસની બહુમતીથી રચાયેલી જિલ્લા, તાલુકા, પાલિકા અને મહાનગરોની સત્તા છીનવી છે. કોંગ્રેસ મુક્ત નારાને કોંગ્રેસના નેતાઓ જ સમર્થન આપી રહ્યાં હોય તેવો ગુજરાતમાં માહોલ સર્જાયેલો છે.

**કોંગ્રેસ શહેરી વોટર્સમાં હાર્દિકનો ઉપયોગ કરે...**

પાટીદાર અનામત આંદોલનના ફાયરબ્રાન્ડ નેતા અને ગુજરાત કોંગ્રેસના વર્કિંગ પ્રેસિડેન્ટ હાર્દિક પટેલનો આજે જન્મદિન છે. આ દિવસે તેણે અહિંસક આંદોનનો માર્ગ છોડીને કોંગ્રેસને મજબૂત કરવાના કાર્યમાં લાગી જવું જોઇએ. તેની પાસે ગુજરાતનું યુથ સંકળાયેલું છે ત્યારે કોંગ્રેસના પ્રદેશ નેતાઓએ તે યુથનો વિધાનસભાની પેટાચૂંટણી તેમજ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ઉપયોગ કરવો જોઇએ. કોંગ્રેસના નેતાઓ જો મતભેદો તેમજ જૂથવાદ ભૂલીને એકસંપથી ચૂંટણી કાર્ય કરશે તો તેમને રિઝલ્ટ મળશે. સ્થાનિક સ્વરાજ્યમાં હજી કોંગ્રેસ પાસે ગ્રામ્ય વિસ્તારમાં જનાધાર છે પરંતુ શહેરી વિસ્તારમાં જનાધાર ગુમાવેલો છે તે પાછો લેવો હોય તો પાર્ટીએ હાર્દિકને આગળ કરીને શહેરી વિસ્તારના મતદારો પર પ્રભુત્વ વધારવું પડશે, કે જેથી પાલિકા અને મહાનગરની ચૂંટણીમાં કોંગ્રેસે ઇચ્છિત પરિણામ મેળવી શકે. હાર્દિકનો એક પ્લસપોઇન્ટ એવો છે કે તે તેની ફાયરબ્રાન્ડ છાપથી યુથને એકત્ર કરી શકે તેમ છે. તેના ભાષણો મુદ્દાસર અને લોકોના દિમાગમાં સીધા ઉતરી જાય તેવા હોય છે. પાટીદાર અનામત આંદોલનની બ્લેકસાઇડને બાજુએ રાખીએ તો સવર્ણો માટેની અનામત જાહેર થઇ છે તે હાર્દિક પટેલને આભારી છે તે સૌ કોઇ જાણે છે, તેથી હાર્દિક પટેલે હવે શાંત અને અહિંસક રીતે તેના કાર્યક્રમો પાર્ટીના હિતમાં આગળ વધારવા જોઇએ તેવું તેના યુવા સમર્થકો ઇચ્છી રહ્યાં છે.

## નરેન્દ્ર મોદીના કોંગ્રેસ મુક્ત ગુજરાતમાં કોંગ્રેસના નેતાઓનો હાથ, ભાજપને તૈયાર ભાણું પિરસાય છે

**કોરોનામાં ઋતુચક્ર ફેઇલ, વેક્સિન એકમાત્ર ઉપાય...**

વિશ્વના ૨૧૩ દેશોમાં ફેલાયેલું કોરોના સંક્રમણ વધુ ફેલાતું જાય છે. ઠંડી, ગરમી કે વરસાદ જેવી ઋતુ પણ કોરોનાનું કંઇ બગાડી શકતી નથી ત્યારે હવે માત્ર વેક્સિન પર જ આધાર રાખવો પડે તેમ છે. વિશ્વમાં કોરોના સંક્રમણના કુલ ૧.૫૦ કરોડ કેસ સામે આવ્યા છે જે પૈકી ૮૭ લાખ કેસોમાં રિકવરી આવી છે અને ૬.૧૦ લાખ લોકોના મૃત્યુ થયાં છે. સમગ્ર વિશ્વમાં અત્યારે ૫૨ લાખ કેસ એક્ટિવ છે. ભારત એ અમેરિકા અને બ્રાઝિલ પછી વિશ્વનો ત્રીજો સૌથી વધુ સંક્રમિત દેશ છે. અમેરિકામાં ૩૯ લાખ, બ્રાઝિલમાં ૨૧ લાખ અને ભારતમાં ૧૧ લાખ કેસ સામે આવેલા છે. સૌથી વધુ ૧.૪૩ લાખ મોત અમેરિકામાં થયાં છે. આશ્ચર્યની બાબત એવી છે કે હવે રશિયા, મેક્સિકો, સ્પેન અને યુકેમાં કેસ ઘટતાં જાય છે. કોરોના જ્યાંથી શરૂ થયો હતો તે ચીન હવે ૨૬મા ક્રમે ધકેલાયું છે અને ત્યાં કેસોની સંખ્યા ૮૩ હજાર પર અટકેલી છે. કોરોના સંક્રમણમાં સૌથી સારી કામગીરી ૧૫૫૩ કેસ સાથે ન્યૂઝિલેન્ડમાં થઇ છે, જેનો ક્રમ ૧૨૯મો છે. ભારતમાં કુલ કેસોની સરખામણીએ મૃત્યુઆંક ૨.૫ ટકા છે, જ્યારે રિકવરી રેટ ૬૨.૯ ટકાએ પહોંચ્યો છે.